# શહેરમાં વધુ નવ કેસ નોંધાયા

## સે. ૨૪ માંથી સૌથી વધુ પાંચ કેસ મળી આવ્યા : આ પૈકી ૪ કેસ ઈન્દિરાનગરમાંથી મળી આવ્યા : શહેરના કેસોની સંખ્યા ૬૯ થઈ : સે. ૨૧ પોલીસ સ્ટેશનના કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો : સે. ૧૩-એ અને સે. ૩-સીમાંથી પણ ૧-૧ કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૯ કેસ આવતાં સમગ્ર શહેરમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૬૮ પર પહોંચી છે.

આજે જે ૯ કેસ નોંધાયા છે તેમાં સે. ૨૪ ના ૫, સે. ૨૭, સે. ૨૩ અને સે. ૧૩ તેમજ સે. ૪-સી માં ૧ કેસનો સમાવેશ થાય છે.

શહેરમાં સે. ૨૪માં શ્રીનગર અને ઈન્દિરાનગર વિસ્તારમાંથી નીકળી રહેલા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. જો કે અહિ તંત્રએ સર્વેલન્સ એકદમ સઘન બનાવ્યુ છે તેમજ કોન્ટેક્ટ પર્સનની યાદી તૈયાર કરવાની કામગીરીને પણ અસરકારક બનાવી દીધી છે. તંત્રએ આ વિસ્તારમાં લોકડાઉનને વધુ અસરકારક બનાવવા માટે પોલીસને જણાવ્યુ છે.

સેક્ટર-૨૪ માં આજે નોંધાયેલા ૫ કેસમાં ૩ મહિલા દર્દી છે. જો કે આજના ૪ કેસ પૈકી ૩ કેસ ઈન્દિરાનગર વિસ્તારમાંથી મળી આવ્યા છે. શ્રમિક પરિવારોની વસ્તુ ધરાવતા આ વિસ્તારમાંથી કેસો મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

### કયા સેક્ટરમાં કેટલા કેસ ?

| સેક્ટર | કેસ | રિકવર |
|---|---|---|
| સેક્ટર-૨ | ૦૮ | ૦૫ |
| સેક્ટર-૩ | ૦૭ | ૦૫ |
| સેક્ટર-૩ન્યુ | ૦૫ | ૦૨ |
| સેક્ટર-૪/સી | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૫ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૭ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૮ | ૦૩ | ૦૧ |
| સેક્ટર-૧૨ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૧૩ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૧૭ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૨૧ | ૦૩ | ૦૦ |
| સેક્ટર-૨૨ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૨૩ | ૦૫ | ૦૪ |
| સેક્ટર-૨૪ | ૧૮ | ૦૫ |
| સેક્ટર-૨૭ | ૦૩ | ૦૦ |
| સેક્ટર-૨૯ | ૦૭ | ૦૬ |
| સેક્ટર-૩૦ | ૦૧ | ૦૧ |
| કુલ | ૬૯ | ૩૩ |

*(એક મૃત્યુ-સેક્ટર-૨૯)

મળતી વિગતો પ્રમાણે ઈન્દિરાનગર વિસ્તારમાંથી આજે જે કેસો મળ્યા છે તેમાં એક ૩૦ વર્ષીય પુરૂષ છે જે પાંચ દિવસ અગાઉ નરોડાથી આવેલ હતો અને તેનો રિપોર્ટ આજે પોઝીટીવ આવતાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ વ્યક્તીના સંપર્કમાં આવેલ ૭ વ્યક્તીઓને ક્વોરોન્ટાઈન કર્યા છે.



આ ઉપરાંત ગઈકાલે પોઝીટીવ આવેલ બે મહિલા દર્દીઓની આજે બે પડોશી મહિલાઓ પોઝીટીવ આવી છે. તેમના નમૂના ગઈકાલે લેવાયા હતા. તંત્રએ આ બે મહિલાઓના પરિવારના સાત જેટલા લોકોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

આજે નોંધાયેલ આ બે કેસમાં એક મહિલા દર્દીની આયુ ૫૫ વર્ષની છે તો બીજી મહિલા દર્દીની આયુ ૧૬ વર્ષની છે. આ બન્ને દર્દીઓ સંક્રમિત થયેલા છે. ગઈકાલે જે કેસ મળ્યા હતા તેમના પડોશીઓ છે.

સે. ૨૪ માં શ્રીનગર વિસ્તારમાંથી આજે એક ૩૬ વર્ષીય પુરૂષ દર્દી મળી આવેલ છે. આ દર્દી અમદાવાદ ખાતે ખાનગી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ચાર કેસ : કુલ ૧૧૪

## ચારેય તાલુકામાંથી એક-એક કેસ મળી આવ્યો : આજે સારવાર દરમ્યાન એક મહિલા દર્દીનું મોત થયું : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા વધતાં તંત્ર ચિંતામાં ગરકાવ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારના કેસોની સંખ્યા ૧૧૪ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલમાં એક-એક કેસ નોંધાયો છે. દહેગામ તાલુકામાં વધુ એક આરોગ્ય કર્મી સંક્રમિત થયો છે અને તે ૯મી થી ફરજ પર હાજર નહતો. જો કે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બહિયલમાં તે ફરજ બજાવતો હોવાનું જાણવા મળેલ છે. જો કે તંત્ર દ્વારા આ અંગેની જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું પણ જાણવા મળેલ છે.

આ ઉપરાંત માણસા તાલુકાના દેલવાડા ગામેથી એક વ્યક્તીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી સારવાર માટે યુ.એન. મહેતામાં દાખલ હોવાનું જાણવા મળેલ છે. આ દર્દી કલોલના સાંતેજ વિસ્તારની મુલાકાતે ગયો હોવાનું પણ જાણવા મળેલ છે જ્યાં તેનુ ઔદ્યોગિક એકમ આવેલુ હોવાનું મનાઈ રહ્યુ છે. આ દર્દીના સંપર્કમાં આવેલ ૧૭ થી વધુ વ્યક્તીઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

કલોલમાં અર્બન વિસ્તારમાંથી પણ એક મહિલા દર્દી મળી આવ્યાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી મળેલ આ દર્દીને લઈ તંત્રએ જરૂરી કાર્યવાહી હાથ ધરેલ છે. આ દર્દી અમદાવાદ સ્થિત ખાનગી કંપનીમાં નોકરી કરતી હતી અને સ્ટાફ બસ દ્વારા તે નોકરી જતી હતી. આ દર્દીના સંપર્કમાં આવેલ વ્યક્તીઓની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. જો કે ૫૦ થી વધુ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના ડભોડમાંથી એક ૭૨ વર્ષીય વૃદ્ધને કોરોના પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં કેસોની સંખ્યા વધતાં તંત્રએ તેની કામગીરી સઘન બનાવી છે. સર્વેલન્સ પણ સઘન કરવાની સૂચનાઓ જારી કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના કન્ટેઈનમેન્ટ ઝોન

- સેક્ટર-૨/બી
- સેક્ટર-૨/સી
- સેક્ટર-૩/સી
- સેક્ટર-૩/બી
- સેક્ટર-૩/ન્યુ
- સેક્ટર-૪/સી
- સેક્ટર-૫/સી
- સેક્ટર-૭/સી
- સેક્ટર-૭/ડી
- સેક્ટર-૮/બી
- સેક્ટર-૮/સી
- સેક્ટર-૧૩/બી
- સેક્ટર-૧૭ (ફાયરબ્રિગેડ સ્ટાફ ક્વાટર્સ)
- સેક્ટર-૨૩
- સેક્ટર-૨૪ શ્રીનગર
- સેક્ટર-૨૪ ઈન્દિરાનગર
- સેક્ટર-૨૭
- સેક્ટર-૩૦

# રાજ્યમાં કયા-કયા ઝોનમાં શું-શુ છૂટ અપાઈ

- કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવશ્યક ચીજવસ્તુઓ અને આવશ્યક સેવાઓ સિવાય કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં
- કન્ટેન્ટમેન્ટ ઝોનની યાદી કેસોની સંખ્યાના આધારે ફેરફારને પાત્ર રહેશે
- સમગ્ર ગુજરાતમાં કન્ટન્ટમેન્ટ ઝોન વિસ્તારમાં સવારના ૮ થી બપોરના ૩ વાગ્યા સુધી આવશ્યક સેવાઓ અને આવશ્યક ચીજ વસ્તુઓના વેચાણ માટે છૂટ આપવામાં આવશે
- કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં સવારના ૮ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી વેપાર ધંધા રોજગાર ચાલુ ચાલુ રાખી શકાશે
- ભારત સરકારના ગૃહમંત્રાલયની ગાઈડલાઈન પ્રમાણે સાંજના ૭ વાગ્યાથી સવારના ૭ વાગ્યા સુધી સમગ્ર ગુજરાતમાં કરફ્યુનો કડક અમલ કરાશે
- કન્ટેન્ટમેન્ટ ઝોન બહાર પણ અમૂક બાબતોમાં છૂટછાટ મળશે નહિં
- આ બાબતોમાં શૈક્ષણિક સંસ્થાઓ, કોચીંગ ક્લાસ, જિમ, સ્વીમીંગ પૂલ, બાગ – બગીચા, શોપિંગ મોલ, થિયેટર, ધાર્મિક અને જાહેર મેળાવડાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો બંધ રહેશે-સંક્રમણ ન રહે.
- હાલ, શાકભાજી તેમજ આવશ્યક વસ્તુઓના વેચાણ સિવાયના ફેરિયાઓ, સીટી બસ સેવાઓ અને ખાનગી બસ સેવાઓને પણ મંજૂરી આપવામાં આવી નથી
- આરોગ્ય, પોલીસ, સરકારી કામકાજ અંગે વપરાશમાં લેવાતી હોય કે કોરેન્ટાઈન ફેસેલિટી તરીકે ઉપયોગમાં લેવાતી હોય તે સિવાયની હોટેલો બંધ રહેશે
- કન્ટેન્ટમેન્ટ ઝોન બહાર આ સિવાયની ગતિવિધિઓમાં મોટાપાયે છૂટછાટ આપવામાં આવશે
- અમદાવાદ અને સુરત સિવાય રાજ્યમાં સમગ્ર રાજ્યમાં ઓટો રિક્ષાઓ ચાલુ કરવા દેવાશે
- બીજા તબક્કામાં આ બે શહેરો અંગે નિર્ણય કરવામાં આવશે
- એક રિક્ષામાં વધુમાં વધુ બે પેસેન્જર બેસાડી શકાશે
- માર્કેટ એરિયા કે શોપિંગ કોમ્પલેક્ષમાં દુકાનો ઓડ અને ઈવન નંબર પ્રમાણે વારાફરથી ખોલવાની રહેશે
- એટલે કે ૫૦ ટકા દુકાનો એક દિવસે અને ૫૦ ટકા દુકાનો બીજા દિવસે ખૂલી શકશે
- દુકાનમાં કોઈપણ સમયે એક સાથે પાચં કરતા વધુ ગ્રાહકો રહિ શકશે નહિં
- કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય તેવા શ્રમિકો, દુકાનદારો કે કર્મચારીઓ કન્ટેન્ટમેન્ટ ઝોનની બહાર અવર-જવર કરી શકશે નહિં
- સાબરમતી નદીની પશ્ચિમે આવેલા અમદાવાદ નગરમાં કન્ટેન્ટમેન્ટ ઝોનની બહાર આર્થિક ગતિવિધિઓ વેપાર, ધંધા, ઓફિસો ચાલુ કરવા દેવાશે
- અમદાવાદ મહાનગરના પૂર્વ વિસ્તારોમાં આવી છૂટછાટ આપવામાં આવી નથી
- સમગ્ર ગુજરાતમાં એસટી બસો શરૂ કરી દેવાશે પરંતુ અમદાવાદ શહેરમાં બસોને આવવા કે જવા દેવાશે નહિં
- લગ્ન સમારોહ માટે વધુમાં વધુ ૫૦ વ્યક્તિઓને મંજૂરી અપાશે
- કોઈ મૃતકના અંતિમ સંસ્કાર વિધિ માટે ૨૦ વ્યક્તિઓને અનૂમતિ અપાશે
- કેન્ટેન્ટમેન્ટ ઝોન બહાર પાનની દુકાનો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે પરંતુ માત્ર ટેઈક અવે ને મંજૂરી આપવામાં આવશે
- વાળંદની દુકાનો – બ્યૂટી પાર્લર અને સલૂન સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવાની શરતે શરૂ કરવા દેવાશે
- સમગ્ર રાજ્યમાં ૬૦ ટકા કેપેસિટી સાથે પબ્લીક લાયબ્રેરી શરૂ કરવાની છૂટ આપવામાં આવશે
- કેબ, ટેક્ષી અને કેબ એગ્રીગ્રેટર્સની સેવાઓ કન્ટેન્ટમેન્ટ ઝોન બહાર વધુમાં વધુ બે પેસેન્જર સાથે ચાલુ કરવા દેવાશે
- પરંતુ અમદાવાદ શહેરમાં હાલ પૂર્વ વિસ્તારમાં કેબ અને ટેક્ષીની સેવાઓ બંધ રાખવામાં આવશે
- સમગ્ર રાજ્યમાં રેસ્ટોરન્ટ માત્ર હોમ ડીલીવરી કરવાના હેતુથી ચાલુ રાખી શકાશે. પરંતુ હોમ ડિલીવરી માટે જનારા વ્યકિતનું સંપૂર્ણ આરોગ્ય પરિક્ષણ, હેલ્થકાર્ડ પણ કરાવવાનું રહેશે જેથી તે સુપર સ્પ્રેડર ન બને અને કોરોનાનું સંક્રમણ વધુ ન ફેલાવે
- રાજ્યમાં સિટી લિમીટ બહાર રોડ સાઈડ ઢાબાને પણ ચાલુ કરવા દેવાશે
- ૩૩ ટકા કેપેસિટી સાથે પ્રાયવેટ ઓફિસીસ પણ કન્ટેન્ટમેન્ટ ઝોન બહારના વિસ્તારોમાં ચાલુ કરવા દેવામાં આવશે
- પરંતુ અમદાવાદ શહેરમાં પૂર્વ અમદાવાદમાં ખાનગી ઓફિસો હાલ બંધ રાખવાની રહેશે
- તમામ રિપેર શોપ, ગેરેજ, વર્કશોપ અને સર્વિસ સ્ટેશન્સ

● અનુસંધાન પાન-૭ પર




પ્રથમ માસિક પૂણ્યતિથિએ

**શ્રદ્ધાંજલિ**


नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

સ્વ. ઘનશ્યામભાઈ બાલાશંકર વ્યાસ
જ.તા. ૧૧-૮-૩૧ સ્વ.તા. ૧૯-૪-૨૦૨૦

હિતેષભાઈ ઘનશ્યામભાઈ વ્યાસ
કેતનભાઈ મહેશભાઈ પંચોલી
પ્લોટ નં. ૧૧૧/૨, સેક્ટર ૪/એ, ગાંધીનગર

દ્વિતિય પુણ્યતિથિએ

**આદરાંજલિ**



સ્વ. પદ્માબેન જમનાદાસ મહેતા
સ્વર્ગવાસ તા. ૧૯/૫/૨૦૧૮

સત્વને શીલના ધારક-
માતુશ્રીને શત્ શત્ નમન...
આજે તમોને સ્મરીને કરીએ ભાવવંદનો;
પરિવાર સમસ્ત સમર્પે, હૃદયથી શ્રદ્ધાસુમનો.
સ્મૃતિ સંપદામાં તવ પાવન સંસ્મરણો...
શાશ્વત, મંગલ, મધુર, શહસ્ર અમૃતવચનો !

લિ.

રાજુલ - સ્નેહા ● શ્રેયા - પ્રહરકુમાર ● હિતા - આલાપકુમાર
નિપુલ - ક્રિષ્ના - નીલ - મેધા - ખનિષ્કા - જયમીન
સુકેતુ - જીજ્ઞા ● નિધી - નીલકુમાર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225


# શહેરમાં માર્ગો પર એકાએક ટ્રાફિકમાં થયો વધારો

## ચ-માર્ગ પર ટ્રાફિક જામના દશ્યો સર્જાવા સાથે ટ્રાફિક-સિગ્નલ્સ પણ શરૂ કરાયાં : લોકડાઉન-૩ અને લોકડાઉન-૪ ના અમલ વચ્ચે નાગરિકો ''પડતર દિવસ'' સમજી ઘરની બહાર નીકળી પડ્યાં







ગાંધીનગર, તા. ૧૮

ભારત સરકારે દેશભરમાં લોકડાઉન તા. ૩૧મી મે સુધી લંબાવી દીધું છે. પરંતુ લોકડાઉન-૩ના અંત પછી લોકડાઉન-૪ ના નીતિ નિયમો અંગે રાજ્ય સરકારે સોમવાર સાંજ સુધી સસ્પેન્સ રાખ્યુ હતુ. બીજી તરફ ગાંધીનગરમાં સવારથી જ જાણે લોકડાઉન-૩ ની સમાપ્તિ પછી લોકડાઉન પૂર્ણ થઈ ગયું હોય તેવો માહોલ સર્જાયો હતો અને શહેરના માર્ગો પર ટ્રાફિકની હલચલમાં ખૂબ વધારો જોવા મળ્યો હતો. એક તબક્કે તો શહેરના ચ-રોડ પર અખબારભવન નજીક ટ્રાફિક જામના દશ્યો પણ સર્જાયા હતા અને તંત્રે ચ-માર્ગ પર ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક સિગ્નલ્સ પણ શરૂ કરી દીધા હતા.

આજે સોમવારથી શહેરના સેક્ટર-૧૬ માં બેંકો ખુલતાં જ ગ્રાહકોની અવરજવર શરૂ થઈ ગઈ હતી અને આ વિસ્તારમાં ફરી એકવાર સામાન્ય સંજોગો જેવો ટ્રાફિક વ્યવહાર જોવા મળ્યો હતો. બીજી તરફ શહેરના અન્ય માર્ગો પર પણ વાહનોની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. આશરે બે માસના લોકડાઉનના સમયગાળા કરતા શહેરમાં આજે વિપરિત પરિસ્થિતિ જોવા મળી હતી. આજથી દેશવ્યાપી લોકડાઉન-૪ નો પ્રારંભ થયો હતો પરંતુ વડાપ્રધાને લોકડાઉન-૪ નવા રંગરૂપવાળુ હશે તેવો નિર્દેશ અગાઉથી આપ્યો હોવાથી નાગરિકોને તા. ૧૭ મી મે પછી મોટી છુટછાટની અપેક્ષા હતી. જો કે કેન્દ્ર સરકારે છેલ્લી ઘડીએ લોકડાઉન-૪ લાગુ તો કર્યુ પરંતુ તેના રંગરૂપનો નિર્ણય રાજ્ય સરકાર પર છોડી દીધો હતો અને ગુજરાત સરકારે સોમવાર સાંજ સુધી તે અંગે કોઈ જ સત્તાવાર જાહેરાત કરી નહોતી. આ કારણે જેમ તહેવારોના દિવસોમાં વચ્ચે કોઈ ''પડતર દિવસ'' આવતો હોય છે તેવી સ્થિતિ સોમવારે ગાંધીનગરમાં જોવા મળી હતી જેમાં નાગરિકો લોકડાઉન-૩ પુરૂ થયું અને લોકડાઉન-૪ માં શું કરવાનું છે તે જણાવ્યું નથી તેથી આ ''પડતર દિવસ''માં પોતપોતાના કાર્યો માટે ઘરની બહાર નીકળી પડ્યાં હતા.

શહેરની સરકારી કચેરીઓમાં પણ વધુ સ્ટાફને બોલાવવાનો આજથી પ્રારંભ થતા જ ચ-માર્ગ પર સાંજના સમયે ટ્રાફિક સિગ્નલ્સ શરૂ કરવા પડ્યા હતા અને એક તબક્કે સે. ૧૧ના અખબારભવન નજીક ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો. હવે જયારે ગુજરાત સરકારે લોકડાઉન-૪ માં છુટછાટો જાહેર કરી છે જેના કારણે શહેરમાં ટ્રાફિકની ચહલપહલ હજુ પણ વધશે ત્યારે આ સંજોગોમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય તે જોવાની ફરજ તંત્ર સાથે નાગરિકોની પણ બની રહેશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com